
સાફલ્યગાથાની માહિતી તા.૦૮/૦૮/૨૦૧૬ થી ૧૪/૦૮/૨૦૧૬ સુધીની.

| | | |
|---|---|---|
| તા.૦૮/૦૮/૧૬<br>થી<br>તા.૧૪/૦૮/૧૬ | આણંદ | **પ્રેસનોટ**<br>**વિદ્યાનગર /આણંદના ૧૧ જેટલા દુકાનોની શટરો તોડનાર તેમજ પેરોલ ફરારી આરોપીઓ ઝડપાયા ઘરફોડ ચોરીઓના ગુનાના આરોપીઓને શોધી કાઢવામાં સફળતા મેળવતી વિદ્યાનગરપોલીસ**<br>વિદ્યાનગર પોલીસ સ્ટેશન ટાઉન વિસતારમા ગત તા.૭/૭/૨૦૧૬ ના રોજ રાત્રિના અજાણ્યા ઇસમો એ સાત જેટલી દુકાનોના શટરના તાળા તોડી મોબાઇલ તથ રોકડ મળી કુલ્લે રૂ.૪૨,૫૭૦/-ની મત્તાની ઘરફોડ કરેલ જે બાબતે વિદ્યાનગર પો.સ્ટે. ફ.ગુ.ર.નં-૯૭/૧૬ ઇ.પી.કો.ક. ૪૫૭,૩૮૦ મુજબનો ગુનો દાખલ થયેલ સદર બનાવ અતિ ગંભીર અને પેચીદા પ્રકારનો હોય પો.અધિશ્રી સોરભ સિગ સા. તથા ના.પો અધિ શ્રી હેતલબેન પટેલ ધ્વ.રા ગુનો શોધી કાઢી આરોપી પકડવા સુચના કરવામાં આવેલી જે પગલે વિધ્યાનગર પો.ઇન્સ કે.એસ.દવે નાઓના માર્ગદર્શન તથા બાતમી આધારે પો.સ.ઇ એ.સી.પરમાર તથા એએસઆઇ સીકંદરખાન, પો.કો. રમેશભાઇ, પો.કો. અહેસાનહુસેન, પો.કો. જાલમસિંહ, પો.કો. ભુપતભાઇ, પો.કો. ધર્મેન્દ્રસિંહ નાઓની ટીમ બનાવી બાતમી તથા ટેકનિકલ સપોર્ટ આધારે આરોપીઓની ભાળ મેળવી હતી જેમાં રણોલી કોયલી ચરા વિસ્તારમાં રહેતા સુરેશભાઇ રમણભાઇ ઠાકોર રહે રણોલી કોયલી ચરામાં તથા (૨) પુનમભાઇ રાજુભાઇ ઠાકોર રહે રણોલી ઇશ્વરભાઇ ની ચાલીમાં નાઓને શકના આધારે લાવી તેઓની ઉંડાણપુર્વક પુછપરછ કરતાં તેઓએ વિધ્યાનગર ના ટાઉન વિસ્તારમાં સાત દુકાનના શટર તેમજ આણંદ ટાઉનમાં ચાર દુકાનના શટરો તોડી રોકડ તેમજ મુદામાલ ની ચોરી કરેલાની ચોકાવનાર. કબુલાત કરેલ જે આધારે તેઓની કાયદેસર ધરપકડ કરવામાં આવેલ તેમજ આરોપી નં ૧ નાઓ વિરૂધ્ધમાં માતર પો.સ્ટે. ફ.ગુ.ર.નં ૯૩/૦૮ ઇપીકો.ક. ૩૬૩,૩૬૬,૩૭૬ મુજબનો અપહરણ અને બળાત્કારનો ગુનો દાખલ થયેલ સદર ગુનામાં તે લાજપોર મધ્યસ્થ જેલ સુરત ખાતે સજા ભોગવી રહેલ હતો અને જાન્યુઆરી ૨૦૧૬ માં પેરોલ પર છુટા બાદ સમયસર હાજર ન થતાં પેરોલ ફરારી તરીકે નાસતો ફરતો હતો હાલ આરોપી પોલીસ કસ્ટડીમાં છે. તેમજ ગુનામાં વપરાયેલ મો.સા. કિ.રૂ.૩૦૦૦૦ નુ તપાસ અર્થે કબજે લેવામા આવેલ છે. અને વધુ ઘરફોડ અને શટર ચોરીના ગુનાઓ ઉકેલાવાની પુરી શકયતા છે.<br>આમ વિધ્યાનગર આણંદના ૧૧ દુકાનના શટર તોડી ઘરફોડ ચોરી કરનાર બે આરોપીઓને ઝડપવામાં વિધ્યાનગર પોલીસ ને સફળત મળેલ છે. |
| --,,-- | --,,-- |  |

<table>
<tr>
<td>--,,--</td>
<td>--,,--</td>
<td><br>

<u>પ્રેસનોટ</u><br><br>
આજ રોજ અમો પો.સબ.ઇન્સ. એચ.વી.ચૌધરી ખંભોળજ પોસ્ટે. નાઓને બાતમીદારથી મળેલ બાતમી આધારે ઓડ ઘોડાટેકરા સીમમાં આવેલ પોલ્ટ્રીફાર્મ પાસે શ્રાવણીયો જુગાર રમાય છે. તેવી હકિકત આધારે સ્ટાફના હે.કો. મહેન્દ્રભાઇ હાસુભાઇ બનં ૭૭૬, અ.પો.કો. સબુરભાઇ ચૈતાભાઇ બ.નં. ૭૦૩, પોકો. ખોડાભાઇ મોહનભાઇ, પોકો મોહસીનખાન ઇનાયતખાન નાઓને સદરી રેડમાં જઇ કાર્યવાહી કરવા જણાવતા પો.માણસોએ સદરી જગ્યાએ રેડ કરતા છ ઇસમો ગોળ કુંડાળુ વળી શ્રાવણીયો જુગાર રમતા પકડાઇ ગયેલા જેઓના નામ (૧) મિત પંકજભાઇ પટેલ રહે, ઓડ વીરજીકાકાની ખડકી (૨) મિલન રાકેશભાઇ પટેલ રહે, ઓડ વીરજીકાકાની ખડકી તા.જી-આણંદ (૩) વિવેક શિરીષભાઇ પટેલ રહે- ઓડ બાવાજીની ખડકી તા.જી-આણંદ (૪) શૈલેષભાઇ કાન્તિભાઇ પ્રજાપતિ રહે, ઓડ બુધેશ્વર સોસાયટી પ્લોટ તા.જી-આણંદ (૫) હર્ષ જગદીશભાઇ પટેલ રહે, ઓડ ભવાનદાસની ખડકી તા.જી-આણંદ (૬) દિપેનભાઇ ગીરીશભાઇ પટેલ રહે, ઓડ કાકાની ખડકી તા.જી-આણંદ નાઓ કુલ રૂ. ૨૫૭૨૦/ તથા ૬ નંગ મોબાઇલ જેની કિ.રૂ. ૩૧,૦૦૦/તથા મો.સા નંગ ૩ જેની કિ.રૂ. ૪૫,૦૦૦/ સાથે મળી કુલ રૂ. ૧,૦૧૭૨૦/ નો મુ.માલ કબ્જે લેવામાં આવેલ સદરી છ ઇસમો વિરૂધ્ધ ખંભોળજ પોસ્ટે સે. ગુ.ર.નં ૩૦૯૧/૧૬ જુ.ધારા.કલમ ૧૨ મુજબનો ગુનો રજી. કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. તા.૦૮/૦૮/૧૬</td>
</tr>
<tr>
<td>--,,--</td>
<td>--,,--</td>
<td></td>
</tr>
<tr>
<td>--,,--</td>
<td>--,,--</td>
<td><u>તા. ૧૧/૦૮/૨૦૧૬</u><br>આણંદ જીલ્લા પોલીસ તથા સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત મહિલા સશકિતકરણ પખવાડીયા અંતર્ગત મહિલા સુરક્ષા દિવસ ની ઉજવણી કરવામા આવેલ જે અંગે ના.પો.અધિ.શ્રી મુખ્ય મથક આણંદ નાઓ તથા ના.પો.અધિ.શ્રી આણંદનાઓએ સ્ત્રી શોષણ સામેના કાયદાઓ તથા શીક્ષાઓ અંગે વિસ્તૃત માહિતી આપેલ.</td>
</tr>
</table>

| | | |
|---|---|---|
| --,,-- | --,,-- |  |
| --,,-- | --,,-- |  |

**સહી/-**

(કોમલ વ્યાસ)

ના. પો. અધિ.મુખ્ય મથક અને

ઇ-ગુજકોપ નોડલ અધિકારી

આણંદ.

**પ્રતિ,**

ડાયરેકટર શ્રી, (ઇ-ગવર્નન્સ), ગુજરાત ઇન્ફોર્મેટીકસ લી.,

બ્લોક નં.-૧, આઠમો માળ, ઉધ્યોગ ભવન, સેકટર-૧૧,

ગાંધીનગર. ઇ-મેઇલ - gujinfo.gog@gmail.com

**નકલ સવિનય રવાના** :-

પોલીસ મહાનિરીક્ષકશ્રી, અમદાવાદ વિભાગ, અમદાવાદ.